# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-02-2026** **EVENING: 7.50 TO 8.00 PM**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

**************************************************

1) નવી દિલ્હીમાં આજથી શરૂ થયેલી એઆઇ સમિટના વિશાળ પ્રદર્શનનું પ્રધાનમંત્રીએ ઉદઘાટન કરીને વિવિધ સ્ટોલની મુલાકાત લીધી
2) કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે ભારતની ઝડપથી વિસ્તરી રહેલી સર્જક અર્થવ્યવસ્થા મજબૂત ડિજિટલ માળખા અને તજજ્ઞો દ્વારા સંચાલિત
3) રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વાયત્તતા સુનિશ્ચિત કરવા માટે ટેકનોલોજીના સ્વદેશી વિકાસ પર ભાર મૂકતા સંરક્ષણ મંત્રી
4) દિલ્હીની કોર્ટે આજે કથિત જમીનના બદલે નોકરી કૌભાંડમાં ભૂતપૂર્વ રેલ્વે મંત્રી લાલુ પ્રસાદ યાદવ અને તેમની પત્ની રાબડી દેવી સામે આરોપો ઘડ્યા
5) ભારતીય શેરબજારમાં તેજી.. સેન્સેક્સમાં 650 અંકોનો ઉછાળો

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM AI IMPACT EXPO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ એક્સ્પોનું ઉદ્ઘાટન કર્યું. શ્રી મોદીએ એક્સ્પોમાં વિવિધ સ્ટોલની પણ મુલાકાત લીધી

70 હજાર ચોરસ મીટરથી વધુ વિસ્તારને આવરી લેતા 10 ક્ષેત્રોમાં ફેલાયેલા આ એક્સ્પોએ વૈશ્વિક ટેકનોલોજી કંપનીઓ , સ્ટાર્ટઅપ્સ, શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ, કેન્દ્રીય મંત્રાલયો , રાજ્ય સરકારો અને આંતરરાષ્ટ્રીય ભાગીદારોને એકમંચ પર લાવ્યા છે. આ એક્સ્પોમાં 13 દેશના પેવેલિયન પણ છે , જે એઆઈ ઇકોસિસ્ટમમાં આંતરરાષ્ટ્રીય સહયોગ દર્શાવે છે. આમાં ઓસ્ટ્રેલિયા , જાપાન, રશિયા, યુનાઇટેડ કિંગડમ , ફ્રાન્સ, જર્મની, ઇટાલી, નેધરલેન્ડ, સ્વિટ્ઝર્લૅન્ડ, સર્બિયા, એસ્ટોનિયા, તાજિકિસ્તાન અને આફ્રિકાના પેવેલિયનનો સમાવેશ થાય છે.

. . . . . . . . . . . . .

# AI SUMIT

અગાઉ આજે ભારત-એઆઈ ઇમ્પેક્ટ સમિટ 2026 રાષ્ટ્રીય રાજધાનીમાં શરૂ થઈ. ગ્લોબલ સાઉથમાં આયોજિત થનારી આ પહેલી ગ્લોબલ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ) સમિટ છે. પાંચ દિવસીય સમિટ ભારતને વૈશ્વિક એઆઈ સહયોગમાં સંયોજક અને ભાગીદાર તરીકે સ્થાન આપે છે , જે સામાન્ય ધોરણો , સહયોગી માળખા અને જાહેર હિત માટે સ્કેલેબલ ઉકેલોને સમર્થન આપે છે. સમિટમાં ભાગ લેવા માટે સોથી વધુ દેશોને આમંત્રણ આપવામાં આવ્યું છે અને બે લાખથી વધુ લોકોએ ઓનલાઈન નોંધણી કરાવી છે.

ફ્રાન્સ, બ્રાઝિલ, સ્પેન, સ્વિટ્ઝર્લૅન્ડ અને શ્રીલંકાના રાષ્ટ્રપતિઓ , યુએઈના ક્રાઉન પ્રિન્સ ઓફ અબુ ધાબી અને નેધરલેન્ડ્સ , મોરેશિયસ અને ભૂટાનના વડા પ્રધાનો સહિત વીસ દેશોના વિશ્વ નેતાઓ આ કાર્યક્રમમાં હાજરી આપવાના છે.

કાર્યક્રમની શરૂઆત પર , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં ભાર મૂક્યો હતો કે આ પ્રસંગ એ વાતનો પુરાવો છે કે દેશ વિજ્ઞાન અને ટેકનોલોજીના ક્ષેત્રમાં ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે , વૈશ્વિક વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યો છે.

. . . . . . . . . . . . .

# REV VAISHNAW –
# AI IMPACT SUMMIT

કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવે આજે જણાવ્યું હતું કે ભારતની ઝડપથી વિસ્તરી રહેલી સર્જક અર્થવ્યવસ્થા દેશના મજબૂત ડિજિટલ માળખા અને તજજ્ઞો દ્વારા સંચાલિત થઈ રહી છે. નવી દિલ્હીમાં AI ઇમ્પેક્ટ સમિટ 2026 ના સત્તાવાર સેટેલાઇટ ઇવેન્ટ સત્ર દરમિયાનની વાતચીતમાં, મંત્રીએ તમામ ક્ષેત્રોમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના પરિવર્તનશીલ પ્રભાવ પર પ્રકાશ પાડ્યો.શ્રી વૈષ્ણવે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતનું સર્જક અર્થતંત્ર ઝડપથી વિકસી રહ્યું છે અને નવી તકનીકો અને કાર્ય કરવાની નવી રીતોને અનુકૂલન કરી રહ્યું છે. AI કોર એજ્યુકેશન સત્રને સંબોધતા , ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે જણાવ્યું હતું કે ભારતમાં AI ઇમ્પેક્ટ સમિટનું આયોજન ખૂબ જ ગર્વની વાત છે.

(બાઇટ- જીતેન પ્રસાદ, કેન્દ્રીય મંત્રી)

આ સમિટની મુલાકાતે આવેલા યુવાનોએ પણ તેને આજના સમયની માંગ ગણાવી હતી.

(બાઇટ- વિદ્યાર્થી)

. . . . . . . . . . . . .

# RAJNATH-DRDO

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે ભાર મૂક્યો હતો કે રાષ્ટ્રીય સુરક્ષા અને વ્યૂહાત્મક સ્વાયત્તતા સુનિશ્ચિત કરવા માટે મહત્વપૂર્ણ ટેકનોલોજીનો સ્વદેશી વિકાસ જરૂરી છે.

સંરક્ષણ મંત્રીએ આજે બેંગલુરુમાં સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (DRDO) ના ગેસ ટર્બાઇન સંશોધન સ્થાપનાની મુલાકાત લીધી અને સ્વદેશી લશ્કરી ગેસ ટર્બાઇન એન્જિન વિકાસ સંબંધિત પ્રોજેક્ટ્સની પ્રગતિની સમીક્ષા કરતા આ મુદ્દાનો ઉલ્લેખ કર્યો હતો.

. . . . . . . . . . . . .

# COURT-LALU

દિલ્હીની એક કોર્ટે આજે કથિત જમીનના બદલે નોકરી કૌભાંડમાં ભૂતપૂર્વ રેલ્વે મંત્રી લાલુ પ્રસાદ યાદવ અને તેમની પત્ની રાબડી દેવી સામે આરોપો ઘડ્યા છે. ખાસ ન્યાયાધીશ વિશાલ ગોગને જણાવ્યું હતું કે , આરોપી લાલુ પ્રસાદ અને રાબડી દેવી સામે આરોપો ઘડવામાં આવ્યા છે , જેમાં તેમણે પોતાને નિર્દોષ ગણાવ્યા છે અને ટ્રાયલનો દાવો કર્યો છે. આ મહિનાની 27મી તારીખે આગળની સુનાવણી થશે.

કોર્ટે ગયા મહિને લાલુ પ્રસાદ , તેમના પરિવારના સભ્યો અને અન્ય લોકો સામે આરોપો ઘડવાનો આદેશ આપ્યો હતો. તેણે 41 આરોપીઓ સામે કેસમાં આરોપો ઘડ્યા છે અને 52 અન્ય લોકોને મુક્ત કર્યા છે. સીબીઆઈની ચાર્જશીટમાં નામ આપવામાં આવેલા 103 આરોપીઓમાંથી પાંચનું મૃત્યુ થયું છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# FUR. REV. RAJASTHAN FACTORY FIRE

રાજસ્થાનમાં, ખૈરથલ-તિજારા જિલ્લાના તાપુકારામાં એક ફેક્ટરીમાં ભીષણ આગ લાગવાથી આઠ લોકોના મોત થયા છે. પોલીસ અને વહીવટી અધિકારીઓએ રાહત અને બચાવ કામગીરી શરૂ કરી છે. અગ્નિશામક દળો આગ બુઝાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. ફેક્ટરીમાં વધુ લોકો ફસાયા હોવાની આશંકા છે.

આ ઘટના ખુશખેરા ઔદ્યોગિક વિસ્તારમાં આવેલી કાર્ડબોર્ડ ફેક્ટરીમાં બની હોવાનું જાણવા મળે છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર , ફેક્ટરીમાં જોરદાર વિસ્ફોટ બાદ વહેલી સવારે આગ ફાટી નીકળી હતી અને થોડી જ વારમાં તેણે ગંભીર અને બેકાબૂ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. એડીએમ સુમિત્રા મિશ્રાએ જણાવ્યું હતું કે તમામ સાત કામદારોના મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે. બચાવ કામગીરી ચાલુ છે.

. . . . . . . . . . . . .

# PHARMA- IND US DEAL (MUST TAKE)

ફાર્મા ક્ષેત્રે ભારત અને અમેરિકા વચ્ચે થયેલા વચગાળાના વેપાર કરારને આવકાર્યો છે. આકાશવાણી ન્યૂઝ સાથે વાત કરતા , એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ ફોર મેડિકલ ડિવાઇસીસના ચેરમેન આર.એસ. તંવરે જણાવ્યું હતું કે આ સોદો ભારતને વિસ્તૃત બજાર ઍક્સેસ અને નિકાસ તકો સાથે વૈશ્વિક ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાન આપવામાં મદદ કરશે. તેમણે કહ્યું કે , આ સોદા સાથે , દેશનું મેડિકલ ડિવાઇસીસ ક્ષેત્ર એક મહત્વપૂર્ણ તબક્કામાં પ્રવેશ્યું છે. શ્રી તંવરે વધુમાં જણાવ્યું હતું કે ભારતીય મેડિકલ ડિવાઇસીસ પરના ટેરિફમાં ઘટાડો થવાથી યુએસ બજારમાં ભારતની કિંમત સ્પર્ધાત્મકતામાં નોંધપાત્ર સુધારો થશે.

. . . . . . . . . . . . .

# NEW ZEALAND-FTA

ન્યુઝીલેન્ડના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી શેન રેટીએ નવા રચાયેલા ભારત-ન્યુઝીલેન્ડ મુક્ત વેપાર કરાર (FTA) ને દ્વિપક્ષીય સંબંધો માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવ્યું. તેમણે જણાવ્યું કે આ કરાર સહયોગને પ્રોત્સાહન આપશે અને દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવશે.

શ્રી રેટીએ વૈશ્વિક AI ક્ષેત્રમાં ભારતના વધતા નેતૃત્વની પણ પ્રશંસા કરી . તેમણે જણાવ્યું કે ઇન્ડિયા AI ઇમ્પેક્ટ સમિટ 2026 નું આયોજન AI એજન્ડાને આકાર આપવામાં દેશના વૈશ્વિક મહત્વને પ્રતિબિંબિત કરે છે . તેમણે સલામત, સમાવિષ્ટ અને માનવ -કેન્દ્રિત AI પર કેન્દ્રિત આ પરિષદમાં ભાગ લેવાને એક વિશેષાધિકાર ગણાવ્યો.

શ્રી રેટીએ જણાવ્યું કે ન્યુઝીલેન્ડ ભારતને એક મહાસત્તા તરીકે જુએ છે અને AI ક્ષેત્રમાં ભારત સાથે સહયોગ કરવા આતુર છે . તેમણે કહ્યુંકે ન્યુઝીલેન્ડ ભારત પાસેથી શીખવા અને જવાબદાર AI શાસન પર વ્યાપક વૈશ્વિક ચર્ચાઓમાં યોગદાન આપવા આતુર છે.

. . . . . . . . . . . . .

# GENERAL- AUSTRALIA

આર્મી ચીફ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ આજે ઓસ્ટ્રેલિયામાં ફોર્સ કમાન્ડ અને સેકન્ડ ડિવિઝનના હેડક્વાર્ટરની મુલાકાત લીધી. શ્રી દ્વિવેદીએ ઓસ્ટ્રેલિયાના તેમના પ્રવાસ દરમિયાન , ઓસ્ટ્રેલિયન આર્મીના કાર્યકારી કમાન્ડર ફોર્સ કમાન્ડ અને કમાન્ડર સેકન્ડ ડિવિઝન સાથે ચર્ચા કરી. આ મુલાકાતો દ્વિપક્ષીય તાલીમ સહયોગને મજબૂત બનાવવા , આંતર-કાર્યક્ષમતા વધારવા અને વિશિષ્ટ અને ઉભરતી ટેકનોલોજી સહિત સહયોગના નવા માર્ગો શોધવા પર કેન્દ્રિત હતી.

આ મુલાકાત ભારત-ઓસ્ટ્રેલિયા સંરક્ષણ ભાગીદારી અને સૈન્યથી લશ્કરી જોડાણને વધુ ગાઢ બનાવવા માટે પરસ્પર પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ આપી.

. . . . . . . . . . . . .

# INFLATION

આ વર્ષે જાન્યુઆરીમાં ભારતના જથ્થાબંધ ફુગાવામાં મધ્યમ વધારો જોવા મળ્યો હતો. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા અનુસાર , જથ્થાબંધ ભાવ સૂચકાંક- WPI પર આધારિત ફુગાવાનો વાર્ષિક દર પાછલા મહિનામાં 1.81 ટકા હતો.

. . . . . . . . . . . . .

# DETAILED STOCKS

બેન્ચમાર્ક સ્થાનિક ઇક્વિટી સૂચકાંકો , સેન્સેક્સ અને નિફ્ટીમાં આજે જોરદાર તેજી જોવા મળી. સેન્સેક્સ 650 પોઈન્ટ વધીને 83 હજાર 277 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 211 પોઈન્ટનો વધારો થયો અને તે 25 હજાર 682 પર બંધ થયો. રિયલ્ટી, ફાર્મા અને FMCG ક્ષેત્રોમાં મૂલ્ય ખરીદીને કારણે આ સુધારો જોવા મળ્યો હતો.

પાવર ગર્ડ , HDFC બેંક અને એક્સિસ બેંકના શેરોમાં લેવાલી જોવા મળી હતી. જ્યારે ટેક મહિન્દ્રા , મારુતિ અને બજાજ ફાઇનાન્સના શેરોમાં વેચવાલીનું વલણ રહ્યું હતું..

. . . . . . . . . . . . .

# T-20 RESULTS

પુરુષ ટી 20 ક્રિકેટ વર્લ્ડ કપમાં , કોલકાતાના ઇડન ગાર્ડન્સ ખાતે ગ્રુપ સી મેચમાં ઇંગ્લેન્ડે ઇટાલીને 24 રનથી હરાવ્યું. ઇંગ્લેન્ડ દ્વારા આપવામાં આવેલા 203 રનના લક્ષ્યનો પીછો કરતા ઇટાલી 20 ઓવરમાં 178 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા , ઇંગ્લેન્ડે નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટે 202 રન બનાવ્યા હતા.

આ અગાઉ , અફઘાનિસ્તાને આજે બપોરે નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે ગ્રુપ ડી મેચમાં સંયુક્ત આરબ અમીરાત ( UAE) પર પાંચ વિકેટથી વિજય મેળવ્યો હતો અને ટુર્નામેન્ટમાં પોતાનો પ્રથમ વિજય નોંધાવ્યો હતો.

. . . . . . . . . . . . .

# BALOCH-STUDENT KILLING

પાકિસ્તાની સેનાએ બલુચિસ્તાનમાં એક બલુચ વિદ્યાર્થીની હત્યા કરી. 22 વર્ષીય જુનૈદ અહમદની હત્યાની નિંદા કરતા , બલુચ નેશનલ મૂવમેન્ટ ( BNM)-PANK ના માનવ અધિકાર વિભાગે જણાવ્યું હતું કે અહમદનો મૃતદેહ ગઈકાલે પ્રાંતીય રાજધાની ક્વેટાના પૂર્વીય બાયપાસ પર મળી આવ્યો હતો. 23 જાન્યુઆરીના રોજ પાકિસ્તાનના કાઉન્ટર ટેરરિઝમ ડિપાર્ટમેન્ટ દ્વારા તેને ક્વેટાની ચિલ્ડ્રન્સ હોસ્પિટલમાંથી બળજબરીથી ઉઠાવી જવામાં  આવ્યો હતો.

ગઈકાલે, માનવાધિકાર જૂથ બલુચ યાકજેહાતી સમિતિએ પ્રાંતભરમાં ત્રણ બલુચ વિદ્યાર્થીઓની ગેરકાયદેસર હત્યાઓનો પર્દાફાશ કર્યો હતો. સમિતિના જણાવ્યા અનુસાર, જંગિયાન બલુચનો વિકૃત મૃતદેહ પંજગુર જિલ્લાના શાપાટન વિસ્તારમાં ફેંકી દેવામાં આવ્યો હતો.

. . . . . . . . . . . . .